ફોર્મ ફી રૂ.૨૫-૦૦

પ્રવેશ આપ્યો/નથી આપ્યો

ચીફ વોર્ડનની સહી

# ગુજરાત યુનિવર્સિટીના હોસ્ટેલમા પ્રવેશ માટેનું નિયત અરજીપ્રત્રક

ગુજરાત યુનિવર્સિટી,અમદાવાદ- ૩૮૦૦૦૯.

| તાજેતરનો ફોટો<br>ભવનના<br>સહીસિક્કા સાથે |
|---|

પ્રતિશ્રી,
ચીફ વોર્ડન,
ગુજરાત યુનિવર્સિટી હોસ્ટેલ,
ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ-૯.

શ્રીમાન,

હું, ગુજરાત યુનિવર્સિટીની હોસ્ટેલમાં પ્રવેશ મેળવવા માટે અરજી કરું છું આથી હું જાહેર કરું છું કે મારા હોસ્ટેલ પ્રવેશ અંગેના આધારભૂત પ્રમાણપ્રત્રો સાચા છે.પ્રમાણપત્રો ખોટા હશે તો પ્રવેશ આપોઆપ રદ થશે તે હું સ્વીકારું છું.મને આ હોસ્ટેલમાં પ્રવેશ આપવામાં આવશે તો હાલના તેમજ સમયાનુસાર રેકટરશ્રી/યુનિવર્સિટી દ્વારા બદલાતાં હોસ્ટેલના નિયમોનું ચુસ્ત પાલન કરવા બંધાયેલો છું.તેની આ સાથે લેખિત ખાતરી આપું છું

આ સાથે ગુજરાત યુનિવર્સિટીના જે ભવનમાં મે પ્રવેશ મેળવ્યો છે.તેની ચાલુ સત્રની ફી ભરેલ રસીદ અને છેલ્લી પરીક્ષાના ગુણપત્રકની નકલ સામેલ કરું છું.હોસ્ટેલના વસવાટ દરમ્યાન હું હોસ્ટેલના કોઈપણ નિયમોનું પાલન કરવા નિષ્ફળ જાઉ તો આપશ્રી મારો હોસ્ટેલનો પ્રવશે રદ કરી શકશો અને મારી ડિપોઝીટની આંશિક કે પૂરેપૂરી રકમ પણ જપ્ત કરી શકશો.મને રહેવા માટે નિશ્ચિત જે રૂમ આપવામાં આવશે તે નિયત સમયમાં ખાલી કરી દઈશ.આ સમય દરમ્યાન હું કોઈપણ જગ્યાએ નોકરી કરતા નથી.,પગાર મેળવતા નથી, કે અન્ય કોઈપણ જાતની આવક ધરાવતા નથી.તેની હું બાંહેધરી આપું છું. અને મારી સાથે કોઈપણ જાતની કોર્ટ કાર્યવાહી ચાલતી નથી કે પોલીસ કેસ થયેલ નથી. મેં હોસ્ટેલના નિયમો સારી રીતે વાંચ્યા છે. તમામ નિયમો હું સમજી વિચારીને સ્વીકારું છું.

વિષયાધ્યક્ષની સહી-સિક્કા અને ભલામણ

વિધાર્થીની સહી

વિધાર્થીનું નામ

વિધાર્થીનું નામ ..................................................................................................................................................................

છેલ્લી પરીક્ષાના કુલ ગુણ :.................................. મેળવેલ ગુણ .......................................... ટકાવારી................................................

અનુસૂચિત જાતિ/જનજાતિ/અન્ય પછત વર્ગ : ....................................................... વિષય/સેમિસ્ટર૧/૨/૩/૪........................................

**છાત્રાલયના પ્રવેશ ફોર્મ સાથે નીચેના પ્રમાણપત્ર જોડવાના છે.**

(૧) ભવનમાં ભરેલ ચાલુ સત્રની ફીની રસીદની નકલ
(૨) છેલ્લી પરીક્ષાની માર્કશીટની નકલ
(૩) અનામત કક્ષાના વિધાર્થીઓએ જાતિનું પ્રમાણપત્ર
(૪) રેસીડેન્ટલ પ્રુફ જેવું કે (ડ્રાઈવિંગ લાઈસન્સ, ઈલેકશન કાર્ડ, લેટેસ્ટ લાઈટ બિલ, આધાર કાર્ડ વગેરેની નકલ)
(૫) પ્રવેશ ફોર્મના ફોટા ઉપર વિભાગીય વડાની સહિ-સિક્કા કરાવવા.
(૬) અધુરુ ફોર્મ સ્વીકારવામાં આવશે નહિં.
(૭) વિધાર્થીએ જાતે જ ફોર્મ ભરવા છાત્રાલયના કાર્યાલયમાં આવવું.

**ફકત કાર્યાલના ઉપયોગ માટે**

હોસ્ટેલ ફી અને ડિપોઝીટનો રસીદ ક્રમાંક : ........................................ તારીખ : ..........................

બ્લોક : .......................... તારીખ : ..........................

રૂમ નં. ....................... વોર્ડનની સહી : ............................

-----------------------------------------------------------------------------------------------------------------------------

ફોર્મ સ્વીકાર્યાની તારીખ હોસ્ટેલનો સિક્કો ફોર્મ સ્વીકારનારની સહી

(૧) અટક : ..........................................................................................................................................

નામ : ........................................................................................ વિદ્યાર્થીનો ફોન નં. : .............................................

પિતાનું નામ : ............................................................................ પિતાનો ફોન નં : ..................................................

(૨) કાયમી સરનામું ટેલિફોન નંબર સાથે : ............................................................................................................

..........................................................................................................................................................

(૩) પરિણીત/અપરણીત : ................................ જન્મ તારીખ :................................ બ્લડ ગ્રુપ : .................................

(૪) જાતિ પ્રમાણપત્ર : ...........................................................................................................................

(૫) વિભાગ : ............................................................................................................................................

વિષય : ........................................................................................ ભાગ ૧-૨ ........................................................

વિભાગમાં ભરેલ ફી રસીદ નં ...................................................... તારીખ : ..............................................................

(૬) આ પહેલા ક્યારેય હોસ્ટેલમાં પ્રવેશ લીધો હતો ? હા/ના

જો હા તો વર્ષ : .......................................... બ્લોક નંબર અને રૂમ નંબર .................................................................

(૭) સ્થાનિક વાલીનું સરનામું ( ટેલિફોન નંબર સાથે) : ..........................................................................................

..........................................................................................................................................................

..........................................................................................................................................................

...................................................

સ્થાનિક વાલીની સહી

તારીખ : .................................... ......................................................

વિદ્યાર્થીની સહી

**હોસ્ટેલના જનરલ નિયમો તથા છાત્રાલયમાં રહેતા વિધાર્થીઓ/વિધાર્થીનીઓ માટેના માર્ગદર્શનની માહિતી**

1. જે વિધાર્થી/વિધાર્થીનીને છાત્રાલયમાં પ્રવેશ આપવામાં આવે તેણે તરત જ હોસ્ટેલની ફી દિવસ ત્રણમાં ભરી દેવાની રહેશે. તેમ નહી કરનારનો પ્રવેશ તાત્કાલિક અસરથી આપોઆપ રદ ગણાશે.
2. દરેક વિધાર્થી/વિધાર્થીનીને હોસ્ટેલ ડિપોઝીટ પેટે રૂ.૧૦૦૦/-(એક હજાર) પૂરા આપવાના રહેશે.

સત્ર દીઠ ફી

| | સીંગલ સીટેડ | | અન્ય રૂમ | |
|---|---|---|---|---|
| | પ્રથમ સત્ર | બીજું સત્ર | પ્રથમ સત્ર | બીજું સત્ર |
| છાત્રાલયની સત્ર ફી | ૨૦૦=૦૦ | ૨૦૦=૦૦ | ૧૫૦=૦૦ | ૧૫૦=૦૦ |
| વીજળીનો ખર્ચ | ૨૦૦=૦૦ | ૨૦૦=૦૦ | ૧૫૦=૦૦ | ૧૫૦=૦૦ |
| અન્ય ફી (જેવી કે પંખાનું ભાડું, ટ્યુબલાઈટ ભાડું, ટેલિવિઝન ભાડું, પોટ શેર, છાપાનું લવાજમ વિગેરે) | ૧૨૦=૦૦ | ૫૦=૦૦ | ૧૧૦=૦૦ | ૪૦=૦૦ |
| | ૫૨૦=૦૦ | ૪૫૦=૦૦ | ૪૧૦=૦૦ | ૩૪૦=૦૦ |

કોમ્પ્યુટર/લેપટોપ રાખવાનો ચાર્જ રૂ. ૫૦૦=૦૦

કામચલાઉ ભાડું ડબલ સીટેડ રૂમ માટે રૂ.૨૫/- સિંગલ સીટેડ રૂમ માટે રૂ.૩૫/- એક દિવસનું ભાડુ રહેશે.

3. વિધાર્થી/ વિધાર્થીનીને પ્રવેશ મેળવ્યા બાદ પંદર દિવસમાં પ્રવેશ રદ કરાવે તો ડબલ સીટેડ રૂમના ભાડામાંથી ઉચ્ચક રૂ.૫૦/- તથા સીંગલ સીટેડ ભાડામાંથી ઉચ્ચક રૂ. ૭૦/- કાપીને ભાડું પરત કરવામાં આવશે. ત્યાર બાદ પ્રવેશ રદ કરવામાં આવે તો ડિપોઝીટ સિવાયનો કોઈપણ ચાર્જ પરત કરવામાં આવશે નહીં.
4. બહારગામનો જે વિધાર્થી/વિધાર્થીનીને યુનિવર્સિટી કેમ્પસમાં આવેલ ભવનોમાં(પી.જી) અભ્યાસ કરતા હશે. તેવા વિધાર્થીને જ હોસ્ટેલમાં પ્રવેશપાત્ર ગણાશે.તે પણ ગુણવત્તાના ધોરણે તથા અનામત નિયમોને આધીન. આમ છતાં અગાઉ હોસ્ટેલમાં રહ્યા હોય અને તે દરમ્યાન જો તેનું વર્તન વાંધાજનક હોય તો ગુણવત્તાના પ્રવેશને પાત્ર હોવા છતાં તેનો પ્રવેશ ચીફ વોર્ડનશ્રી અટકાવી શકશે. હોસ્ટેલમાં રહેનાર વિધાર્થી/વિધાર્થીની જ્યાં અભ્યાસ કરતાં હોય તેમણે વર્ગમાં નિયમિત હાજર રહેવું પડશે.વર્ગ ચાલતા હોય તે વિધાર્થી/વિધાર્થીની દરમ્યાન વોર્ડનશ્રીને જાણ કર્યા વગર તેમજ તેમની મંજુરી મેળવ્યા વગર રૂમ પર વખતોવખત હાજર રહેલ માલૂમ પડશે તો તેવા વિધાર્થી/વિધાર્થીનીનો પ્રવેશ તાત્કાલિક રદ કરવામાં આવશે. જો જગ્યા ખાલી હશે તો બહારના પી.જી વિધાર્થી/વિધાર્થીનીને પ્રવેશ આપવામાં આવશે.
5. પીએચ.ડીના વિધાર્થીઓના સુપરવાઈઝરશ્રી(માર્ગદર્શક) ગુજરાત યુનિવસિટી ભવનોના હોય તો જ તેમને હોસ્ટેલ સુવિધા મળશે. હોસ્ટેલ સુવિધા મર્યાદીત હોવાથી નિયમાનુસાર પ્રવેશ મળશે.(કો.સુપરવાઈઝરશ્રી યુનિવર્સિટી ભવનના હશે તો પણ મળવા પાત્ર નથી.)
6. હોસ્ટેલ વિભાગમાં અભ્યાસ માટે એક જ વખત પ્રવેશ મળશે અન્ય્ વિભાગમાં જુદા જુદા વિષય પર પ્રવેશ મળશે નહીં.
7. સીંગલ સીટેડ રૂમમાં પીએચ.ડીના વિધાર્થી/વિધાર્થીનીઓને પ્રવેશ આપવામાં આવશે. .
8. બ્લોકમાં ચીફ વોર્ડનશ્રી તથા વોર્ડનશ્રી નક્કી કરેલ વિભાગ પ્રમાણે રૂમ ફાળવણી કરવામાં આવશે.
9. **જે કોઈ વિધાર્થી/વિધાર્થીની રેગીંગ કરતાં પકડાશે કે વિધાર્થી/વિધાર્થીની દ્વારા ફરિયાદ થયેલ હશે તેઓની હોસ્ટેલ ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે, તથા તાત્કાલિક પ્રવેશ રદ થશે.આ અંગે યુનિવર્સિટીમાં જે તે વિભાગને પણ જાણ કરવામાં આવશે.**
10. વિધાર્થી/વિધાર્થીનીને રૂમ ચાલુ સ્થિતિમાં મળ્યો હોય તે પ્રમાણે ચાલુ સ્થિતિમાં રૂમ પરત કરવાનો રહેશે. તથા વિધાર્થી/ વિધાર્થીની પાસે રૂમ રહે તે સમય દરમ્યાન લાઈટ-પંખો કે ફર્નિચરને કોઈ નુકશાન થાય તો વિધાર્થીએ જાતે ભરપાઈ કરવાની રહેશે.
11. બીજા સત્રમાં હોસ્ટેલમાં પ્રવેશ ભવનના બીજા સત્રની ફી ભરીને પ્રવેશ લીધો હશે તો જ તેના આધારે પ્રવેશ આપવામાં આવશે.
12. નોકરી કરતા અથવા અન્ય કોઈ ધંધાકીય પ્રવૃતિમાં સંકળાયેલા વિધાર્થીને છાત્રાલયમાં પ્રવેશ મળશે નહીં. વિધાર્થીએ પ્રવેશ મેળવ્યા બાદ કયાંય નોકરી મળે તો તાત્કાલિક ચીફવોર્ડનશ્રીને જાણ કરીને પોતાનો પ્રવેશ રદ કરાવવો.જો કોઈ વિધાર્થી સંસ્થાને ગેરમાર્ગે દોરવાનો પ્રયત્ન કરશે તો તેનો પ્રવેશ રદ કરવામાં આવશે.
13. વિધાર્થી/વિધાર્થીની વેકેશન દરમ્યાન છાત્રાલયમાં રહી શકશે નહિં. વાર્ષિક પરીક્ષા પત્યા પછી વિધાર્થી/વિધાર્થીનીએ રૂમ બે દિવસમાં પરત કરવાનો રહેશે. આ અંગેની લેખિત કાર્યવાહી છાત્રાલયના કાર્યાલયમાં આવીને કરવાની રહેશે.જો વિધાર્થી/વિધાર્થીની મોડો રૂમ જમા કરાવશે તો જેટલા દિવસ મોડું થયુ હશે તેટલા દિવસનું કામચલાઉ ભાડુ ભર્યા પછીજ ડિપોઝિટ પરત કરવામાં આવશે.
14. હોસ્ટેલની ડિપોઝીટની રકમ વિધાર્થી/વિધાર્થીનીએ વાર્ષિક પરીક્ષા પૂર્ણ થયા પછી છ માસમાં જ જાતે જ લઈ જવાની રહેશે.

15. યુનિવર્સિટી દ્વારા યોજાતા કાર્યક્રમ જેવા કે સેમિનાર, કોન્ફરન્સ, રમતગમત વિગેરે અથવા યુનિવર્સિટીના વિભાગોના નેજા હેઠળ યોજાતા કાર્યક્રમ વખતે કોઈ ઈમરજન્સી સમયે અથવા મકાનની મરામત કરાવવાનું થાય ત્યારે વિધાર્થી/વિધાર્થીનીને બીજાના રૂમમાં રહીને અનુકુળ થવું પડશે.શક્ય હોય તો રૂમ ખાલી પણ કરવો પડશે.તે દરમ્યાન વિધાર્થી/વિધાર્થીનીએ જાતે સગવડ કરવાની રહેશે.ટૂંકમાં યુનિવર્સિટી આકસ્મિક સંજોગોમાં જ્યારે જ્યારે જરૂરિયાત જણાય ત્યારે વિધાર્થી પાસેથી રૂમનો કબજો કોઈપણ જાતનું કારણ જણાવ્યા વગર લઈ શકશે.
16. દરેક વિધાર્થી/વિધાર્થીનીએ ડોલ,ઝાડું,ટમ્બલર અને નાની ડોલ જાતે જ લાવવાની રહેશે.
17. જ્યારે વિધાર્થી/વિધાર્થીનીને રૂમની બહાર જાય ત્યારે પંખો,ટ્યુબલઈટ બંધ કરવાનું અવશ્ય રાખવું. વીજળીના અન્ય ઉપકરણો વાપરવા પર પ્રતિબંધ છે.વિધાર્થી/ વિધાર્થીની ગેરહાજરીમાં વિજળીના ઉપકરણો ચાલુ હોય તો તેવા વિધાર્થી/વિધાર્થીનીઓને રૂ.૨૫/-નો દંડ કરવામાં આવશે. વીજળીના અન્ય ઉપકરણો વાપરવા જરૂર જણાય તો ચીફ વોર્ડનશ્રી તેનો યોગ્ય ચાર્જ જણાવે તે આપ્યા બાદ વાપરી શકાય.
18. વિધાર્થી/વિધાર્થીનીએ પાણી અને વીજળીનો ધ્યાનપૂર્વક ઉપયોગ કરવો.બગાડ કરવો નહીં. હોસ્ટેલની ચલ અને અચલ સંપતિને સાફસૂફ તથા વ્યવસ્થિત રાખવાની જવાબદારી વિધાર્થી/વિધાર્થીનીની રહેશે. નકામા કાગળો કે કચરો છાત્રાલયના મકાનની અગાશીમાં,દાદરમાં,કે છાત્રાલયના પરીસરમાં ન નાખવા, પાન-ગુટખાની પિચકારી મારી દિવાલ ખરાબ ન કરવી. જે વિધાર્થી/વિધાર્થીની આવું કરતા પકડાશે તો તે દંડને પાત્ર ગણાશે.
19. વિધાર્થી/વિધાર્થીની ચલ કે અચલ સંપતિનું કોઈપણ રીતે નુકશાન કરશે તો તેની કિંમત તે વિધાર્થી/વિધાર્થીની પાસેથી તે જ સમયે દંડ સહિત વસૂલ કરવામાં આવશે.
20. કોઈપણ જાહેર પ્રવૃતિ અથવા સભા હોસ્ટેલમાં પરવાનગી વગર કરવી નહીં. રાજકીય પ્રવૃતિ પર સખત પ્રતિબંધ છે. તેમ કરનાર કે તેમાં ભાગ લેનારનો પ્રવેશ તાત્કાલિક કોઈપણ જાતનું કારણ દર્શાવ્યા વગર રદ કરવામાં આવશે.
21. હોસ્ટેલમાં બીજા વિધાર્થી/વિધાર્થીનીને હેરાનગતિ કે નડતરરૂપ થાય તેવું વર્તન કરવું નહીં. જેમ કે મોટા અવાજે ગાવું,રેડિયો, ટેપરેકોર્ડર, ટી.વી, વિડીયો અથવા કોઈપણ મ્યુઝિકલ સાધન વગાડવું તેમ કરવા પર પ્રતિબંધ છે. તેમ છતાં જાણવામાં આવશે તો તરત જ જપ્ત કરવામાં આવશે તથા દંડ પણ વસુલ કરવામાં આવશે.
22. જે વિધાર્થી/વિધાર્થીની રૂમનો કબજો લે તથા જ્યારે રૂમ છોડીને જાય ત્યારે વોર્ડનશ્રીને જાણ અવશ્ય કરવી. બીજા સત્રમાં હાજર રહેવાનું ન હોય તો વોર્ડનશ્રીને અગાઉથી લેખિત જાણ કરવી અન્યથા તે હોસ્ટેલમા રોકાયેલ તેવુ માનીને તેટલા દિવસનો કામચલાઉ ચાર્જ ભરવો પડશે. .
23. રાત્રે રૂમ પર મહેમાન વોર્ડનશ્રીની પરવાનગી વગર રાખી શકાશે નહી. દિવસ કે રાત્રિ દરમ્યાન બોયઝ હોસ્ટેલમાં સ્ત્રી મહેમાન રાખી શકાશે નહીં.અને લેડીઝ હોસ્ટેલમાં પુરુષ મહેમાન રાખી શકાશે નહિ.
24. ગેસ્ટ ચાર્જ ભર્યા સિવાય મહેમાન રાખવામાં આવશે તો એડમીશન રદ કરવામાં આવશે.
25. કોઈ વિધાર્થી/વિધાર્થીની વધારે પડતો બિમાર થાય તો વોર્ડનશ્રીને તાત્કાલિક જાણ કરવી.
26. રૂમ ફાળવવા તથા પાર્ટનર નક્કી કરવાની સંપૂર્ણ સત્તા હોસ્ટેલના અધિકારીશ્રી રહેશે. વિધાર્થી/વિધાર્થીની જાતે રૂમ કે રૂમ પાર્ટનર બદલી શકશે નહીં. જો બદલશે તો દંડને પાત્ર રહેશે. જો વિધાર્થી/ વિધાર્થીની બીજાના નામે પ્રવેશ લેશે તો તેની ડિપોઝીટ જપ્ત થઈ જશે તથા વિધાર્થી/વિધાર્થીનીને રૂમમાં પ્રવેશ આપવામાં આવશે નહીં.
27. વિધાર્થી/વિધાર્થીની એ જાતે જ પોતાના સામાનનું ધ્યાન રાખવાનું રહેશે. રૂમને મોટું અને મજબુત તાળું લગાવવાનું રહેશે. હોસ્ટેલના વિધાર્થીઓના સામાનની કોઈ જવાબદારી યુનિવર્સિટી લેશે નહીં.
28. કોઈ વિધાર્થી/વિધાર્થીનીને તકલીફ પડતી હોય તો પ્રથમ વોર્ડનશ્રીને જાણ કરવી.
29. વિધાર્થી/વિધાર્થીનીએ ભોજનાલય માટે ભોજનાલયના કોન્ટ્રાકટર સાથે નિયમાનુસાર સીધો સંપર્ક કરવાનો રહેશે.
30. વિધાર્થી/વિધાર્થીનીના ખરાબ વર્તન અથવા રૂમના ખોટા ઉપયોગ બદલ વોર્ડનશ્રી ગમે ત્યારે રૂમ બંધ કરી શકશે.
31. બહારના માણસોને હોસ્ટેલના પરિસરમાં રાત્રે ૮-૦૦ વાગ્યાથી સવારના ૮-૦૦ વાગ્યા સુધી પ્રવેશ પર સખત મનાઈ છે.
32. હોસ્ટેલના નિયમ તથા વખતોવખત બદલાતા નિયમો તથા શિસ્તના નિયમોની બધી જ સત્તા ચીફ વોર્ડનશ્રીની હસ્તક રહેશે.
33. દરેક વિધાર્થી/ વિધાર્થીનીએ હરકોઈ સમયે ઓળખપત્ર પોતાની પાસે રાખવું ફરજિયાત છે.
34. ડુપ્લિકેટ હોસ્ટેલ આઈ કાર્ડ બનાવવાનો અથવા હોસ્ટેલ ડિપોઝીટ રસીદની ઝેરોક્ષ કઢાવવાનો ચાર્જ રૂ.૫૦/- લાગશે.
35. ફી માં થતાં ફેરફારો વિધાર્થીને માન્ય રાખવા પડશે.
36. દરરોજ રાત્રે વોર્ડનશ્રી દ્વારા દરેક વિધાર્થીનીની હાજરી પૂરવામાં આવશે તે સમયે તે વિધાર્થીની ગેરહાજર રહેશે તો તે જ્યારે હોસ્ટેલમાં આવે ત્યારે પોતાના વિભાગના અધ્યક્ષશ્રી પાસેથી ગેરહાજર રહ્યાનો યોગ્ય કારણ દર્શક પત્ર લાવવાનો રહેશે. ત્યાર બાદ જ રૂમમાં રહેવા દેવામાં આવશે. વારંવાર ગેરહાજર રહેવાનું ઉપર મુજબનું વર્તન થશે તો પ્રવેશ રદ ગણાશે. લેખિત જાણ કર્યા વગર વધારે દિવસ ગેરહાજર રહેશે તો પણ પ્રવેશ આપોઆપ રદ ગણાશે.

(નોંધ: નવા નિયમો ઉમેરવા અને નિયમોમાં સુધારા-વધારા કરવાની સંપૂર્ણ સત્તા ચીફ વોર્ડનશ્રીની રહેશે.)

ઉપરોક્ત નિયમો મેં સારી રીતે અને સમજીને વાંચ્યા છે તથા તેનું પાલન કરવાની હું બાંહેધારી આપું છું.

તારીખ: ................................ વિધાર્થીની સહી

સ્થળ :.................................. નામ. ............................................